કેસ દાખલ તારીખ:૧૫/૦૯/૨૦૧૫
રજી.થયા તારીખ:૧૫/૦૯/૨૦૧૫
ફેસલ કર્યા તારીખ: ૨૫/૧૦/૨૦૨૧.
સમય ગાળો:વર્ષ ... માસ .... દિવસ ....

| અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબર:૨૩.માં.,મુ.અમદાવાદ |
|---|

ક્રિ.કે.નંબર:૬૨૦/૨૦૧૫.
<u>આંક:..</u>

ફરીયાદી:– શ્રી સરકાર.

<u>વિરૂદ્ધ.</u>

આરોપીઓ નંબર:– ૧. વિકાસ ઉર્ફે મટન s/o મગનભાઈ કાળીદાસ ચૌહાણ
રહેવાસી:મ.નં.ટી/૩૧૫, પટેલ પરમાનંદની ચાલી,
વિજ્ય પેટ્રોલપંપ સામે, ગોમતીપુર, અમદાવાદ શહેર.
૨. સંતોષ ઉર્ફે સતીયો s/o સુરેશભાઈ મલપ્પા (કુલકર્ણી)
રહેવાસી:મ.નં.૩૩૨, નાડીયાવાસ, નહેરુનગરના છાપરા,
હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ.
૩. હર્ષદ ઉર્ફે હર્ષદ કોષ્ટી s/o રોહીતભાઈ કુલચંદભાઈ કોષ્ટી
રહેવાસી: મ.નં.એ/૧૯, અમીધારા એપાર્ટમેન્ટ, રખિયાલ,
અમદાવાદ શહેર.
૪. અજ્ય s/o વેંકટેશ જગનાથ પોટાબત્તી (તેલંગુ)
રહેવાસી:પરમાનંદની ચાલી, વિજ્ય પેટ્રોલપંપ સામે,

ગોમતીપુર, અમદાવાદ શહેર.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી બી.આર.બારોટ.
આરોપીઓ નં.૧ તરફે વિ.વ.શ્રી આર.એમ.સોલંકી.
આરોપીઓ નં.૪. તર્ફે વિ.વ.શ્રી એમ.જી.શેખ.
આરોપીઓ નં.૨ કોઈ નહી.

---

## ગુનો– ઈ.પી.કો. કલમ:૩૮૦,૪૫૪,૪૫૭,૧૧૪ મુજબ.

## –ઃ જ જ મે ન્ટ ઃ–

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૦/૭/૨૦૧૫ ના કલાકઃ૨૧–૦૦ વાગ્યાથી તારીખઃ ૨૧/૭/૧૫ ના કલાકઃ૦૯–૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગોમતીપુર રાયપુર સર્કલ પાસે આવેલ શ્રીજી એસ્ટેટની અંદર સી–૨ માં ફરીયાદીની રીચીક એપરલ નામના કારખાનામાં પ્રવેશ કરી, ફરીયાદીના કારખાનમાંથી જીન્સ તથા કોટનના પેન્ટો નંગ–૬૩ કિ.રૂા.૩૧,૫૦૦/–ના તથા કોમ્પ્યુટર એલ.ઈ.ડી.મોનીટર કિ.રૂા.૫,૦૦૦/– મળી કુલ્લે કિ.રૂા.૩૬,૫૦૦/–ની મત્તાની ચોરી કરી ચોરેલ મુદ્દામાલ સાથે મળી આવી ગુનો કરેલ હોવા બાબતના ગુનાની તપાસ, તપાસનીસ અધિકારીશ્રીએ કરતા તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા તેમજ જરૂરી પંચનામાઓ કરેલા તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપીઓ નામદાર કોર્ટમાં તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે. અને બાકીના આરોપીઓ હાજર ન રહેતા સદર આરોપી નં.૪ તરફે

કેસ અલગ કરી ચલાવવાની અરજી આંક–૪ થી આપવામાં આવેલ છે જે મંજુર કરવામાં આવેલ છે અને આરોપી નં.૪ નો કેસ અન્ય આરોપીઓથી અલગ કરી ચલાવવાનો હુકમ કરવામાં આવે છે. ત્યારબાદ આરોપી નં.૪ ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ વિના મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે અને જે મળી ગયાની ખાત્રી કરવામા આવેલ છે. ત્યારબાદ આરોપી નં.૪ સામે આંકઃ૦૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જ્યારે આંકઃ૦૬ થી ગુના સબબે પ્લી નોંધવામાં આવેલ છે તેમાં આરોપી નં.૪ ને ફરીયાદની હકીકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા, આરોપી નં.૪ નાએ ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે. જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે. ત્યારબાદ અન્ય આરોપીઓના વોરંટ ચાલુ રાખવામાં આવેલ જેમાં આરોપી નં.૩ હાજર થયેલ છે અને તેમને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે અને જે મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે ત્યારબાદ આરોપી નં.૩ સામે આંકઃ૭ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જ્યારે આંકઃ૦૮ થી ગુના સબબે પ્લી નોંધવામાં આવેલ છે તેમાં આરોપી નં.૩ ને ફરીયાદની હકીકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા, આરોપી નં.૩નાએ ગુનો કબુલ નહી હોવાનુ જણાવેલ છે. જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે. સદર કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આંકઃ૧૦થી સમાધાન પુરસીસ રજુ રાખવામાં આવેલ છે જે રેકર્ડ પર લેવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ |
|---|

| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| 1 | ફરીયાદી અંકિત ધીરજલાલ વાકોતરની જુબાની | 11 |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| 1 | ફરીયાદ | 12 |
| 2 | ગુનાવાળી જગ્યાનું પંચનામું | 13 |
| 3 | મુદ્ધામાલ કબજે કર્યા અંગેનુ પંચનામું | 14 |

(૪) ફરીયાદ પક્ષ તરફથીઆંકઃ૧૫ થી કલોઝીંગ પુરસીસ રજુ થતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે આરોપીઓનુ વિશેષમાં નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૫) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્ધા ઉપસ્થિત થાય છે.

## –૦ મુ દ્ધા ૦ –

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ તા.૨૦/૭/૨૦૧૫ ના કલાકઃ૨૧–૦૦ વાગ્યાથી તારીખઃ ૨૧/૭/૧૫ ના કલાકઃ૦૯–૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગોમતીપુર રાયપુર સર્કલ પાસે આવેલ શ્રીજી એસ્ટેટની અંદર સી–૨ માં ફરીયાદીની રીચીક એપરલ નામના કારખાનામાં પ્રવેશ કરી, ફરીયાદીના

કારખાનમાંથી જીન્સ તથા કોટનના પેન્ટો નંગ-૬૩ કિ.રૂા.૩૧,૫૦૦/-ના તથા કોમ્પ્યુટર એલ.ઈ.ડી.મોનીટર કિ.રૂા.૫,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂા.૩૬,૫૦૦/-ની મત્તાની ચોરી કરી ચોરેલ મુદ્દામાલ સાથે મળી આવી ઈ.પી.કો. કલમઃ૩૮૦,૪૫૪,૪૫૭,૧૧૪ મુજબના ગુનાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઊપરોકત મુદ્દા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## -ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ-

## મુદ્દા નંબરઃ-૧.

ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ સામે ઈ.પી.કો. કલમઃ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

(૭) ફરીયાદ પક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૧૧ થી ફરીયાદી અંકિત ધીરજલાલ વાકોતરને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, તેઓ ગોમતીપુર રાયપુર સર્કલ પાસે શ્રીજી ઈન્ડ્રસ્ટ્રીયલ એસ્ટેટની અંદર શેડ નં.સી/૨

માં રીચીક એપરલ નામથી જીન્સ તથા કોટન પેન્ટની સીલાઈનું કારખાનું ધરાવે છે અને સવારના નવથી રાતના નવ સુધી ત્યાં બેસી કામ ધંધો કરે છે. ગઈ તા.૨૦/૭/૨૦૧૫ ના રોજ રાત્રના નવેક વાગ્યે તેઓ કારખાનુ બંધ કરીને ઘરે ગયેલા અને તા.૨૧/૭/૨૦૧૫ ના સવારે આવીને કારખાનુ ખોલીને અંદર જોયુ તો બધો સામાન વેરવિખેર પડેલ હતો અને તપાસ કરતા જીન્સ તથા કોટન ના પેન્ટ કુલ-૬૩ તથા કોમ્પ્યુટરનુ એલ.ઈ.ડી.મોનીટરની ચોરી થયેલી હતી જે બાબતેની પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી જે ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવતા ફરીયાદ આંકઃ૧૨ થી દાખલ થયેલ છે. આ ચોરી કોણે કરેલ તેની આજદિન સુધી ખબર પડેલ નથી. બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ચોરીમાં ગયેલ મુદ્દામાલ મળી ગયેલ છે. સદર કામે સમાધાન થઈ ગયેલ છે જેથી કેસ આગળ ચલાવવો નથી.

(૮) ફરીયાદપક્ષ આંકઃ૧૩ થી ગુનાવાળી જગ્યાના પંચનામુ રજુ રાખવામાં આવેલ છે તેમજ આંકઃ૧૪ થી મુદ્દામાલ રીકવર કર્યાનું પંચનામુ રજુ રાખવામાં આવેલ છે.

(૯) ફરીયાદ પક્ષે રજુ થયેલા રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરીએ તે પહેલા જોવામાં આવે તો આ કામે પક્ષકારો વચ્ચે અંદરો-અંદર સમાધાન થઈ ગયેલ છે અને તે હકીકત આંકઃ૧૦ થી રજુ થયેલ લેખિત સમાધાન પુરસીસથી ફલિત થાય છે. વળી, પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાથી ફરીયાદીએ આંકઃ૧૫ થી પુરાવા બંધની પુરસીસ રજુ રાખતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે જેથી ફરીયાદ પક્ષે અન્ય કોઈ પુરાવાઓ રજુ થયેલા નથી. ફરીયાદપક્ષે રજુ થયેલા રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી

પુરાવાની ચર્ચા કરીએ આ કામે ફરીયાદી અંકિત ધીરજલાલ વાકોતરને આંકઃ૧૧ થી તપાસવામાં આવેલા છે તેમની જુબાની પરથી તેઓ ગોમતીપુર રાયપુર સર્કલ પાસે શ્રીજી ઈન્ડ્રસ્ટ્રીયલ એસ્ટેટની અંદર શેડ નં.સી/૨ માં રીચીક એપરલ નામથી જીન્સ તથા કોટન પેન્ટની સીલાઈનું કારખાનું ધરાવે છે અને સવારના નવથી રાતના નવ સુધી ત્યાં બેસી કામ ધંધો કરે છે. ગઈ તા.૨૦/૭/૨૦૧૫ ના રોજ રાત્રના નવેક વાગ્યે તેઓ કારખાનુ બંધ કરીને ઘરે ગયેલા અને તા.૨૧/૭/૨૦૧૫ ના સવારે આવીને કારખાનુ ખોલીને અંદર જોયુ તો બધો સામાન વેરવિખેર પડેલ હતો અને તપાસ કરતા જીન્સ તથા કોટન ના પેન્ટ કુલ–૬૩ તથા કોમ્પ્યુટરનુ એલ.ઈ.ડી.મોનીટરની ચોરી થયેલી હતી. સદર હકીકત ઉપરથી ફરીયાદીના કારખાનામાંથી જીન્સ તથા કોટન ના પેન્ટ કુલ–૬૩ તથા કોમ્પ્યુટરનુ એલ.ઈ.ડી.મોનીટરની ચોરી થયેલ હોવાની હકીકત જણાઈ આવે છે પરંતુ તે ચોરી કોણે કરેલી તેની તેઓને ફરીયાદ બાદ પણ ખબર નહી હોવાની હકીકત પુરવાર થાય છે. તેમજ પોલીસે તે ચોરી કરનાર ઈસમોને પકડેલ હોય અને ફરીયાદીને બતાવેલ હોય તેવી પણ કોઈ જ જાતની હકીકત પુરવાર થતી નથી. વધુમાં ફરીયાદપક્ષ દ્વારા આંકઃ૧૩ થી ગુનાવાળી જગ્યાના પંચનામુ રજુ રાખવામાં આવેલ છે તેમજ આંકઃ૧૪ થી મુદ્દામાલ રીકવર કર્યાનું પંચનામુ રજુ રાખવામાં આવેલ છે પરંતુ માત્ર પંચનામાઓરજુ થવા માત્રથી તેની હકીકતો પુરવાર થયેલ હોવાનુ માની શકાય નહી. વધુમાં કેસ રેકર્ડ ધ્યાને લેતા તેમજ બચાવપક્ષની ઉલટતપાસ ધ્યાને લેતા પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાની હકીકત પુરવાર થાય છે. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદીના કારખાનામાંથી ચોરી કોણે કરેલ તેની કોઈ જ હકીકત પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં હાલના આરોપીઓએ જ ફરીયાદીના કારખાનામાંથી ચોરી કરેલ હોવાનુ

માની શકાય નહી.તેમજ સદર કામે આરોપી નં.૪ નો કેસ અન્ય આરોપીઓથી અલગ કરી ચલાવવાનો હુકમ કરવામાં આવ્યા બાદ આરોપી નં.૩ હાજર થયેલ છે પરંતુ અન્ય આરોપી નં.૧ અને ૨ સામે કોઈપણ પ્રકારનો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપી નં.૧ અને ૨ સામેનો કેસ આગળ ચલાવવો ન્યાયોચીત જણાઈ આવતો નથી તેથી આરોપી નં.૧ અને ૨ સામેનો કેસ પણ પુર્ણ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરશે તેમ જણાઈ આવે છે. આમ, આરોપી નં.૧ અને ૨ સામેનો કેસ પણ પુર્ણ કરવાનો હુકમ કરવામાં આવે છે. આમ, ફરીયાદપક્ષ દ્વારા આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપિત અંગેની હકીકતો પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં આ કામના આરોપીઓને સદર ગુનાઓ હેઠળ કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. જેથી ઉપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબરઃ૦૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે. જ્યારે મુદ્દા નંબરઃ૦૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -ઃ આ ખ રી હુ ક મ ઃ-

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમઃ ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબનાં ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) આરોપી નં.૩ અને ૪ સામે અપીલ થાય તો, અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતના છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબના જામીન આપવાના રહેશે. તેમજ આરોપી નં.૧ અને ૨ નાએ કરી આપેલ જાત મુચરકા અને જામીનનાએ કરી આપેલ જામીનખતો રદ્દ કરવામા આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર

રહેશે તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમ:૪૩૭(એ) અન્વયે જાત–મુચરકા અને જામીનખત ચાલુ રાખવામા આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ બાબતે અગાઉ કરેલ વચગાળાની કસ્ટડીનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખ:૨૫મી માહે ઓકટોબર સને ૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ–અમદાવાદ

**( જિજ્ઞાશા માણેકલાલ ગજ્જર )**
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર:૨૩.અમદાવાદ
કોડ નં.જીજે.૦૦૯૨૧.

આર.કે.સોનારા.